નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/ અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ પરીક્ષા માટેના કેન્દ્રોને માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૯-૧૦-૨૦૧૯

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૦-૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯-૦૩-૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭-૧૧-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક

(૫) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૦૬-૦૯-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/ આઈટી

ઠરાવ ::-

સામાન્ય વહીવટ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ-(૧)ના તા.૩૦-૯-૨૦૦૬ ના જાહેરનામાથી બહાર પડાયેલ "કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬" ની જોગવાઇઓ હેઠળ રાજય સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે સીધી ભરતી / બઢતીથી નિમણૂંક પ્રસંગે, કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાનું ફરજીયાત બનાવાયેલ છે, અને સામાન્ય વહીવટ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ-(૨)ના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવથી "કોમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષા માટેની કાર્ય પદ્ધતિ નક્કી કરવામાં આવી છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ-(૩)ના તા.૨૯-૦૩-૨૦૧૦ ના ઠરાવથી, તેની સાથે સામેલ પરિશિષ્ટમાં ઉલ્લેખિત પાંચ ખાનગી સંસ્થાઓને, નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારીઓ / અધિકારીઓને કોમ્પ્યટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષા લેવા માટેના કેન્દ્રો તરીકે માન્યતા આપવામાં આવેલ હતી, અને ત્યાર બાદ વખતોવખત આ પરીક્ષા કેન્દ્રોની માન્યતાની મુદ્દત વધારવામાં આવેલ હતી.

છેલ્લે સામાન્ય વહીવટ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ-(૪)ના તા.૧૭-૧૧-૨૦૧૭ ના સમાન ક્રમાંકના ઠરાવથી આ માન્યતા તા.૩૧-૧૨-૨૦૧૮ સુધી વધારવાના હુકમો કરવામાં આવેલ છે.

૩. હવે આ સાથેના પરિશિષ્ટમાં ઉલ્લેખિત પાંચ ખાનગી સંસ્થાઓને, નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ / અધિકારીઓ માટે, નીચેની શરતોને આધિન આથી પરીક્ષા કેન્દ્રો તરીકેની માન્યતા આપવામાં આવે છે.

(૧) આ માન્યતા તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીની મુદત માટે આપવામાં આવે છે.

(૨) આ સંસ્થાઓએ સ્પીપા / આઇ.ટી.આઇ. / ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડ દ્વારા જે અધિકારીના નામનું સૂચન કરવામાં આવે તેમના નિરીક્ષણ અને સુપરવિઝન હેઠળ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

(૩) આ સંસ્થાઓએ આ પરીક્ષાના સંચાલન માટે સ્પીપા / આઇ.ટી.આઇ. / ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડના જે માનવ સંસાધનની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે, તેઓને મળવાપાત્ર ભથ્થાઓની ચૂકવણી કરવાની રહેશે.

(૪) આ સંસ્થાઓને સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, થી નિયત કરાયેલ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે તથા આ પરીક્ષા બાબતે ઉકત ઠરાવ તથા ત્યારબાદના વખતો વખતના હુકમોથી પ્રસિધ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ લાગુ પડશે.

૪. સચિવાલયના સર્વે વિભાગોને ઉકત સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મન્સુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી / માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ

❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર

❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ

એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર

સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર

ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે

સચિવાલયના સર્વે વિભાગો(સર્વે ખાતાના વડાઓ / ખાતાના વડા હેઠળની કચેરીઓ / રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન ને ઉક્ત સુચનાઓ મોકલવાની વિનંતી સહ.)

એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.

નાયબ સેકશન અધિકારી - સિલેકટ ફાઇલ

શાખા સિલેકટ ફાઇલ.

---

❖ પત્ર દ્વારા.

--- પાછળ જુઓ ---

# પરિશિષ્ટ

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯-૧૦-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક સાથેનું બિડાણ

| ક્રમ | સંસ્થાનું નામ અને સરનામું | ઝોનનું નામ | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓ |
|---|---|---|---|
| ૧. | અંધજન મંડળ,<br>ડૉ. જગદીશ પટેલ ચોક,<br>સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર,<br>અમદાવાદ | મધ્ય ઝોન | અમદાવાદ, ખેડા, આણંદ,<br>ગાંધીનગર, મહેસાણા અને<br>સાબરકાંઠા |
| ૨. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ,<br>સ્ટેશન રોડ,<br>મુ.પો.તા. ધોરાજી, જિ. રાજકોટ | પશ્ચિમ ઝોન | રાજકોટ, જામનગર, પોરબંદર,<br>જુનાગઢ, ભાવનગર અને અમરેલી |
| ૩. | બ્લાઇન્ડ વેલફેર કાઉન્સિલ,<br>પંચમુખી હનુમાન મંદિર સામે,<br>મંડાવ રોડ, દાહોદ | પૂર્વ ઝોન | દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ<br>અને નર્મદા |
| ૪. | રાષ્ટ્રીય દ્રષ્ટિહીન કલ્યાણ સંઘ,<br>વલસાડ જિલ્લા શાખા, નાનકવાડા<br>રોડ, દત્ત મંદિર પાસે, વલસાડ | દક્ષિણ ઝોન | સુરત, વલસાડ, તાપી, ડાંગ અને<br>નવસારી |
| ૫. | વિકલાંગ વિદ્યાવિહાર,<br>મુ.પો. માધાપુર, કચ્છ-ભૂજ | ઉત્તર ઝોન | કચ્છ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને<br>પાટણ |

(એ.એચ.મન્સુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર